
# શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના બંધ ફાઉન્ટેન-શો ટુંકમાં શરૂ થઈ જશે

## સ્પેરપાર્ટસ તેમજ ક્લીનીંગની કામગીરી ચાલુ હોવાથી વોટર શો બંધ : આગામી સપ્તાહમાં પાર્કમાં વોટર શો નુ આકર્ષણ નિખરશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કના માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વોટર બોડીની સફાઈ થઈ ન હતી સપ્તાહમાં ફાઉન્ટેઈન શો શરૂ થઈ જશે સાંજે ૭ અને ૮ કલાકે એમ બે શો મુલાકાતીઓ રંગબેરંગી



નિર્માણ દરમિયાન વોટર બોડી પણ તૈયાર કરાયુ છે. જયારે ટાઉનહોલ સામેના વિસ્તારની પાર્કની લોન વચાળે વોટર બોડીમાં ફાઉન્ટેઈન શો પણ મુલાકાતીઓ જયારે ફાઉન્ટેનના કેટલાક સ્પેરપાર્ટસ પણ બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ત્યારે હાલ આ કામગારી શરૂ કરી દેવામાં આવી છે. આગામી ફુવારાનો નઝારો નિહાળી શકશે.

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની વચાળે વોટર બોડી તૈયાર કરવામાં આવી છે. જેમાં રંગબેરંગી ફુવારાથી પાર્કની રોનક નિખરે તે માટે વિશિષ્ટ પ્રકારનો વોટર શો પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બને છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ વોટર બોડીમાં સફાઈના અભાવે ગંદકી જોવા મળતી હતી જયારે મશીનરી ખોટવાતા વોટર શો પણ બંધ હતો પાટનગર યોજના ભવનના સુત્રોના જણાંવ્યા મુજબ થોડા દિવસોથી આ ફુવારા બંધ હાલતમાં છે. વોટર બોડીનુ ક્લીનીંગ તેમજ જરૂરી સ્પેરપાર્ટસનુ કામ હાથ ધરવામાં આવશે ત્યારબાદ પાર્કમાં ફરી રંગબેરંગી ફુવારાની છોળ ઉડતી નજરે પડશે. અગાઉ પણ પાર્કમાં સાંજના ૭ અને ૮ કલાકે બે શો યોજવામાં આવતા હતા જયારે મુલાકાતીઓ માટે આ વોટર શો આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. ત્યારે હવે આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવનાર છે. જેને અનુલક્ષી સ્વર્ણિમ પાર્કમાં પણ જરૂરી રીપેરીંગની કામગીરી સહીત નવુ પ્લાન્ટેશન કરવા સહીત અન્ય સુશોભન પણ કરી આ વિશાળ ઉદ્યાનને વધુ આકર્ષક બનાવાશે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ટુંક સમયમાં જ આ વોટર બોડીની રોનક નિખરશે. ટાઉનહોલ સામેના વિસ્તારમાં પાર્કમાં સ્થિત વોટર બોડીની યોગ્ય સફાઈનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સ્પેરપાર્ટસનો ઉપયોગ કરી ફાઉન્ટેઈન શો શરૂ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આગામી સપ્તાહમાં જ પાર્કમાં ફુવારાની છોળ ઉડતી જોવા મળશે. સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી નગરના મુખ્ય ઘ માર્ગ પર ઘ- ૪ પાસે અન્ડર પાસ પણ તૈયાર કરાયો છે. જયારે અન્ડર પાસના ઉપરના વિસ્તારમાં પણ બગીચાના સળંગ કરવાની કામગીરી ચાલી રહી છે. બન્ને બાજુ માર્ગ તેમજ વચાળે ઉદ્યાનને

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧માં લંડનથી પરત ફરેલા ૧૫ વર્ષીય વિદ્યાર્થી કોરોના પોઝીટીવ

## શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૪ થઈ : વધુ ૧ દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયુ : એક્ટીવ કેસ ૧૧ : તંત્ર ચિંતાતુર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં આજે પણ વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે. શહેરમાં આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૨૪ થઈ છે.

આજે પણ વિદેશથી પરત ફરેલા વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧ માં એક વિદેશ ભણવા ગયેલ ૧૫ વર્ષીય વિદ્યાર્થી પાંચ દિવસ પૂર્વે જ પરત આવેલ છે. પરત ફર્યાના ૪ દિવસ બાદ કરેલા ટેસ્ટમાં આ વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્રએ આ વિદ્યાર્થીના નમૂના લઈ અને ગુજરાત બાયોટેક રિસર્ચ સેન્ટરમાં વધુ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. હાલ આ વિદ્યાર્થીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેને કોરોનાના કોઈ લક્ષણો હજુ સુધી દેખાયા નથી. આ વિદ્યાર્થીના સંપર્કમાં આવેલ ૩ વ્યક્તીને ક્વોરોન્ટાઈન કર્યા છે.

છેલ્લા બે દિવસમાં બે બાળકો સંક્રમિત થયેલા મળતાં અને વિદેશથી આવેલા હોવાને લીધે તંત્રને ઓમિક્રોન વેરિએન્ટની દહેશત હોઈ તંત્ર પણ જ્યાં સુધી ચોક્કસ તારણ ના મળે ત્યાં સુધી કંઈ જ કહેવા તૈયાર નથી.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્ર હવે સતર્ક અને ગંભીર બન્યુ છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા માટેની કડક સૂચનાઓ આપી છે. તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે જણાવવામાં આવ્યુ છે.

શહેરમાં હાલ એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૧ થઈ છે. બે દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમો અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે તંત્રને સૂચનાઓ આપી છે.

# શહેરના સેન્ટ્રલ વર્જમાં ગાબડા પુરવાનુ તેમજ ગ્રીલને રંગરોગાન આરંભાયું

## વાઈબ્રન્ટ દરમિયાન નગરના મુખ્યમાર્ગોની સાથે સેન્ટ્રલ વર્જની પણ રોનક નિખરે તે માટે વિશેષ આયોજન

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં હાલ મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે ડામરનુ લેયર કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ફુટપાથનુ પણ રીપેરીંગ કરી કર્બિંગને કલક કરવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરના માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જની હાલત લાંબા સમયથી ખરાબ છે. જેમાં પણ અનેક ઠેકાણે ભંગાણ થતા ગાબડા જોવા મળે છે. શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન જટીલ બન્યો છે. સેકટરોમાં રખડતી ગાય, કુતરા સાથે નીલગાયનો આંતક પણ વધી ગયો છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સેન્ટ્રલ વર્જની ગ્રીલ નાંખવા સહીત રંગરોગાનનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે.

શહેરમાં ફુટપાથ અને માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જ લાંબા સમયથી કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી વોક વે અને સેન્ટ્લ વર્જની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી જેના લીધે સેન્ટ્લ વર્જમાં પણ ફુટપાથની જેમ ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. જેના લીધે માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જમાં રખડતા ઢોર પણ ઘુસી જાય છે. આ સ્થિતિ નિવારવા તેમજ સેન્ટ્રલ વર્જને વધુ આકર્ષક બનાવવા માટે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી જરૂરી રંગરોગાનનુ કામ હાથ ધરાયુ છે. વાઈબ્રન્ટને ધ્યાનમાં રાખી નગરના મુખ્યમાર્ગો પર પેવર કામ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ હાથ ધરીને રાત્રિના સમયે માર્ગોની રોનક નિખરે તે માટે થર્મોપ્લાસ્ટાન પટ્ટા અને કેટ આઈ લગાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે સેન્ટ્રલ વર્જમાં પણ અગાઉ પ્લાન્ટેશન કરવામાં આવ્યુ હતુ. પરંતુ સમય જતા આ આ રોપાઓ હવે નિખાર આપતા નથી ત્યારે નગરના મુખ્યમાર્ગોની સાથે હવે સેન્ટ્રલ વર્જને નિખારવા માટે પણ ગ્રીલને કલર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત કેટલાક ઠેકાણે ગ્રીલ તુટી ગઈ હોય તેવા ઠેકાણે ગ્રીલનુ રીપેરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ દરમિયાન શહેરના મુખ્યમાર્ગોની આસપાસ સ્થિત બિલ્ડીંગો તેમજ વન આરક્ષિત વિસ્તારમાં પણ વૃક્ષો ફરતે રંગબેરંગી રોશની કરવામાં આવે છે. આ ઉપરાંત સેન્ટ્રલ વર્જમાં પણ નવા રોપાઓ ઉપરાંત રોશની લગાવામાં આવે છે. માર્ગોની સાથે સેન્ટ્રલ વર્જ પણ સુશોભનની સાથે સલામતીના પરિબળોને ધ્યાનમાં રાખી કામો હાથ ધરાયા છે.

# જિલ્લામાં ૧૧૭૩ કોરોના મૃતકોના પરિવારજનોને સહાય ચૂકવાઈ

## શહેર-જિલ્લામાં સત્તાવાર મૃત્યુઆંક ૨૦૭ હતો જ્યારે ૨૨૬૭ ફોર્મ ભરાઈને આવ્યા જેમાંથી ૧૧૭૩ને સહાય ચુકવાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૭૩ કોરોના મૃતકોના વારસદારોને સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓને એસ.ડી.આર.એફ.માંથી સહાય ચુકવવાના સરકારે આદેશ કર્યા હતા. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૨૫૦ લોકો ફોર્મ લઈ ગયા છે.

આ પૈકી ૨૨૬૭ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે અને તે પૈકી ૧૧૭૩ દર્દીઓના વારસદારોને સહાય ચુકવી દેવામાં આવી હોવાનું તંત્રએ જણાવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૧૪૭૫ જેટલી અરજીઓની ચકાસણી થઈ ચુકી છે. આરોગ્ય વિભાગે અગાઉ આવેલ યાદી મુજબ ૧૪૪માંથી ૧૨૮ દર્દીઓને સહાય ચુકવી આપવામાં આવી છે. આ ઉપરાંત અરજીઓ તંત્રને મળી હતી તેમાં જે દર્દીઓના પરિવાર દ્વારા કોરોના અંગેના જરૂરી પુરાવાઓ રજુ કરવામાં આવતાં ચકાસણીને અંતે ૧૦૪૫ અરજીઓમાં પણ સહાય ચુકવવાના આદેશ જારી કરી દેવામાં આવ્યા છે.

કોરોનાથી અવસાન પામેલ દર્દીઓના સરકારે જાહેર કરેલ સત્તાવાર આંક કરતાં સહાય વધુને ચુકવવામાં આવી છે અને જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પણ વધુ થયા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ ૪૯ હજારથી વધુ દર્દીઓને કોરોનાની ઓ.પી.ડી. સારવાર આપવામાં આવી હતી અને ૧૧ હજારથી વધુ દર્દીઓને ઈન્ડોર સારવાર આપવામાં આવી હતી. જિલ્લાની અન્ય હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓને પણ સારવાર આપવામાં આવી હગતી.

તંત્ર દ્વારા મળી રહેલ અરજીઓના ઝડપી નિકાલની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૫૫ કેસ

ગાંધીનગર, તા.૧૪

રાજ્યના મહાનગરોમાં કોરોના કેડો મૂકતો નથી. આજે નવા નોંધાયેલા ૫૫ કેસમાં અમદાવાદ અને વડોદરામાં ૧૪-૧૪ કેસ તથા નવસારી અને રાજકોટમાં ૫-૫ કેસ કોરોનાના નોંધાયા છે. જ્યારે સુરતમાં ૪ કેસ જ્યારે આણંદ, ગાંધીનગર, કચ્છ, મોરબી, પોરબંદર અને વલસાડમાં ૧-૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં હાલ ૫૫૫ એક્ટીવ કેસ છે. આજે વધુ ૪૮ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. અત્યાર સુધી રાજ્યમાં મૃત્યુઆંક ૧૦૧૦૦ નોંધાયો છે. આજે વધુ ૩,૦૯,૮૪૫ નાગરિકોનું રસીકરણ કરાયું હતું. આજે વલસાડમાં કોરોનાથી એક મૃત્યુ નોંધાયું છે.

# તલાટીઓએ હવે હાજરીપત્રક અને મુવમેન્ટ રજીસ્ટર પંચાયતમાં નિભાવવું પડશે

ગાંધીનગર, તા. ૧૪

તલાટીઓએ હવે ગ્રામ પંચાયત કચેરીમાં તેમનુ હાજરીપત્રક તેમજ મુવમેન્ટ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

તલાટી કમ મંત્રીઓ તેમની ફરજના સ્થળે હાજર નહિ રહેતા હોવાની ફરિયાદોને ગંભીરતાથી લઈ આ અંગેના આદેશો કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં મહેસુલી અને પંચાયત વેરાની નબળી વસુલાત માટે પણ ગેરહાજરી એક મહત્વનું કારણ હોવાનું જણાતાં હવે આ બાબતને ગંભીરતાથી લઈ દરેક સેજા પર તલાટી-કમ-મંત્રીનું હાજરીપત્રક નિભાવવા ઉપરાંત તેમની મુવમેન્ટ અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવે તેવી કડક સૂચનાઓ આપવામાં આવી છે.

તલાટી કમ મંત્રીઓની એક તરફ ઘટ છે અને સેજાઓ પર તેઓ હાજર નહિ રહેતા હોવાની વ્યાપક ફરિયાદોને આધાર બનાવી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના દરેક તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ અંગેના પરિપત્ર અલગથી જારી કરી દેવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

હવે પછી મળનારી તાલુકા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠકમાં આ મુદ્દો ચર્ચામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. ગ્રામીણ વિસ્તારોમાં વેરા વસુલાત પણ ખુબ નબળી હોવાનું ધ્યાને આવ્યુ છે.

# પી.એમ. સ્વનિધિ સહાય અરજીઓમાં નબળી કામગીરી કરતી બેંકોની શાખાઓને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં પી.એમ. સ્વનિધિ સહાયની અરજીઓના નિકાલ માટે ઉદાસીનતા દાખવતી ૪ થી વધુ બેંકોની શાખાઓને આજે મનપાના તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. પી.એમ. સ્વનિધિ સહાય યોજના અંતર્ગત શહેરમાં હજુ ૪૦૦ થી વધુ અરજીઓ પડતર છે. આજે આ અંગે સમીક્ષા બેઠક મનપા ખાતે ડે. મ્યુનિ. કમિશનર પ્રીતેશ દવેની અધ્યક્ષતામાં મળી હતી. તેમણે અરજીઓના નિકાલમાં ગતિ લાવવા બેંકોને ખાસ તાકીદ કરી હતી.

પી.એમ. સ્વનિધિ સહાય યોજનામાં સ્ટ્રીટ વેન્ડરોને રૂ. ૧૦ હજારની સહાય આપવામાં આવે છે તેમજ સરળ હપ્તે પરત ભરવાના હોય છે. આમાં વ્યાજની સહાય કેન્દ્ર સરકાર ચુકવતી હોય છે.

ગાંધીનગરમાં બેંકો કેન્દ્ર પુરસ્કૃત અને રાજ્ય પુરસ્કૃત યોજનાઓની અરજીઓના નિકાલમાં જે ઉદાસીન વલણ દાખવતી હોય છે તે બાબત હવે વધુ પ્રકાશમાં આવી રહી છે.

છેલ્લી સમીક્ષા બેઠકમાં જિલ્લાની લીડ બેંકોના જ પ્રતિનિધિ હાજર ન રહેતા બેંકને નોટીસ ફટકારવામાં આવી હતી. આજે અમલીકરણમાં નબળો દેખાવ કરનારી બેંકોની શાખાઓને તંત્રએ નોટીસ ફટકારતાં હવે બેંકીંગ ક્ષેત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.




**ટેલીફોનીક બેસણું**

અમારા પિતાશ્રી

ભાસ્કરપ્રસાદ અંબાલાલ પંડ્યા

તા.૧૪-૧૨-૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ.

સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા.૧૬-૧૨-૨૦૨૧ને ગુરૂવાર સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે.

લિ. હિરેન ભાસ્કરપ્રસાદ પંડ્યા (મો. 77788 45042)
ભૃગુ ભાસ્કરપ્રસાદ પંડ્યા (મો. 75670 55819)
પ્રાચી હિરેન પંડ્યા (મો. 98257 74966)
ભૂમિકા ભૃગુ પંડ્યા (મો. 81412 46644)


# મહાત્મા મંદિર પાસે ટ્રાફિક સિગ્નલ અને કેમેરા લગાવાનુ કામ શરૂ

## પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી સહીત દેશ વિદેશના મહાનુભાવો હાજરી આપવાના છે ત્યારે સુશોભનની સાથે સલામતીના પરિબળો પણ મજબુત કરવા મહાત્મા મંદિર પાસે દરેક કોર્નર પર કેમેરા મુકાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં આગામી જાન્યુઆરી મહીનામાં યોજનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરમાં સુશોભનના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે સુશોભનની સાથે સલામતીના પરિબળો તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી ઉપરાંત દેશ વિદેશના ઉદ્યોગપતિઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહેવાના છે ત્યારે મહાત્મા મંદિર પાસે ટ્રાફિક સિગ્નલ તેમજ સી સી કેમરા મુકવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. વાઈબ્રન્ટ દરિયાન શહેરમાં આ વિસ્તારમાં ટ્રાફિકનો સતત ધમધમાટ રહે છે ત્યારે ટ્રાફિકનુ યોગ્ય સંચાલન થાય તે માટે પણ યોગ્ય આયોજન કરવામાં આવી રહ્યુ છે.



આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને રૂપાળુ બનાવવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. દેશ વિદેશના મહેમાનોના સ્વાગત માટે નગરને પણ વાઈબ્રન્ટ લુક આપવા માટે માર્ગ સુધારણા, ફુટપાથ રીપેરીંગ અને કલરકામ સહીતની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન સુશોભનની સાથે સલામતીના પરિબળો પણ યોગ્ય રીતે જળવાય તે દીશામાં પણ વિવિધ વિભાગના અધિકારીઓએ જરૂરી કામગીરી શરૂ કરી દીધી છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલની લાઈટો જબુકતી જોવા મળે છે. જયોર સી સી કેમેરા પણ મુકવામાં આવ્યા છે. ત્યારે મહાત્મા મંદિર જયાં આગળ આ સમિટ યોજવામાં આવનાર છે. દેશ વિદેશના મહાનુભાવોની અવરજવર રહેવાની છે તેવા સંજોગોમાં આ વિસ્તારમાં પણ ટ્રાફિકની અવરજવર સલામત અને સરળ બનાવાવા સહીત કેમેરાની વોચ રહે તે માટે સિગ્નલ મુકવા સહીત કેમેરાનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. નગરના ખ માર્ગ પર ટ્રાફિકના સિગ્નલ લાગેલા છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટનો ધમધમાટ



વાયબ્રન્ટ સમિટ નજીક આવી રહી છે. સમિટની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. શહેરના માર્ગોનું નવીનીકરણ ખૂબ ઝડપથી થઈ રહ્યુ છે. ઘ-૩ થી ઘ-૨ ની વચ્ચેના રોડની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેના કારણે ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com